# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-05-2026 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## JPC – ગુજરાતના પ્રવાસે :

"એક રાષ્ટ્ર એક ચૂંટણી" અંગેની સમીક્ષા કરવા સંયુક્ત સંસદીય સમિતિ - JPCની ટીમ આજથી ત્રણ દિવસ રાજ્યના પ્રવાસે છે. JPCના અધ્યક્ષ પી.પી. ચૌધરીએ ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું, જેપીસીમાં તમામ રાજકીય દળને જોડવામાં આવ્યા છે. JPCની ટીમે અગાઉ ન્યાયાધીશોને પણ સાંભળ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, સંયુક્ત સંસદીય સમિતિની ટીમના સભ્યોએ આજે મુખ્યસચિવ એમ. કે. દાસ, રાજ્ય પોલીસ વડા ડૉક્ટર K.L.N. રાવ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી.

---------------------------------------------------------------------------------

## નગરપાલિકાના સુકાનીઓની વરણી :

રાજ્યની સાથે જીલ્લામાં આજે નગર પાલિકાઓના સૂકાનીઓની વરણીની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જે અંતર્ગત; જિલ્લા મથક ભુજની નગરપાલિકાના પ્રમુખ તરીકે શીતલભાઈ શાહની તો, ઉપપ્રમુખ તરીકે બિંદિયાબેન ઠકકરની, જયારે કારોબારી અધ્યક્ષ તરીકે કમલ ગઢવીની વરણી કરાઈ છે. તો, માંડવી નગરપાલિકાના પ્રમુખ તરીકે વર્ષાબેન જોષી, ઉપપ્રમુખ તરીકે મુકેશ રાબડિયા, અને કારોબારી ચેરમેન તરીકે વિજય ગઢવીની પસંદગી કરાઈ છે. મુંદરા બારોઈ નગરપાલિકાના પ્રમુખ પદ માટે ભોજરાજ ભાઈ ગઢવી, ઉપપ્રમુખ પદ માટે આશાબેન સોરઠીયા, અને કારોબારી ચેરમેન પદે ધર્મેન્દ્રસિંહ ઝાલાની પસંદગી કરાઈ છે.

બીજી બાજુ, નખત્રાણા નગરપાલિકા પ્રમુખ તરીકે વસંત વાઘેલા, ઉપપ્રમુખ તરીકે દમયંતીબેન સેંઘાણી, જયારે કારોબારી ચેરમેન તરીકે ચંદનસિંહ રાઠોડની વરણી કરાઈ છે. જયારે, અંજાર નગરપાલિકાના હોદ્દેદારો જોઈએ તો, પ્રભુખ તરીકે ધર્મિષ્ઠાબેન ખાંડેકા, ઉપપ્રમુખ તરીકે પરેશ માલસતર, જયારે કારોબારી ચેરમેન તરીકે પ્રકાશ લાદેરિયાની વરણી કરાઈ છે.

---------------------------------------------------------------------------------

## સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ :

ધોરણ 12ના પરિણામો જાહેર થયા બાદ યુનિવર્સિટી અને કોલેજોમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસ-GCAS પોર્ટલ પર પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે. ગત 7 મેથી શરૂ થયેલી આ ઓનલાઇન પ્રક્રિયા અંતર્ગત વિદ્યાર્થીઓ 28 મે સુધી નોંધણી કરાવી શકશે. ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ 2 જૂનથી મેરિટના આધારે તબક્કાવાર પ્રવેશ ફાળવવામાં આવશે.

અત્યાર સુધીમાં કચ્છ યુનિવર્સિટી હેઠળના વિવિધ કોર્સ માટે અંદાજે 2,400 જેટલા વિદ્યાર્થીઓએ ફોર્મ સબમિટ કર્યા છે. જોકે, કચ્છમાં આ વર્ષે ધોરણ 12 માં પાસ થયેલા 12,353 વિદ્યાર્થીઓની સરખામણીએ ફોર્મ ભરવાનો રેશિયો ઘણો ઓછો છે. છેલ્લી ઘડીએ પોર્ટલ પર ટ્રાફિક વધવાને કારણે સર્વર ડાઉન થવાની સમસ્યા સર્જાઈ શકે છે, જેથી વિદ્યાર્થીઓએ અંતિમ તારીખની રાહ જોયા વગર વહેલી તકે ફોર્મ ભરી લેવા સલાહ આપવામાં આવી છે.

---------------------------------------------------------------------------------

## કચ્છના ગ્રામીણ ઉદ્યમીઓ :

ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી ખાતે આયોજિત “કારીગર ટેન્ક” અને ગ્રેજ્યુએશન સમારોહમાં કચ્છના 12 ગ્રામિણ ઉદ્યમીઓ વિવિધ કેટેગરીમાં વિજેતા બન્યા છે. દેશના 5 રાજ્યોમાંથી પસંદ કરાયેલા 115 ગ્રામિણ ઉદ્યમીઓને “બિઝનેસ વેલનેસ પ્રોગ્રામ” અંતર્ગત 90 દિવસ સુધી ઉદ્યોગસાહસિકતાની સઘન તાલીમ આપવામાં આવી હતી.

આ તાલીમ દરમિયાન વિવિધ આધુનિક વિષયો પર વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં કચ્છના 12 કારીગરોએ પોતાની અદભુત પ્રતિભા અને મહેનતના બળ પર વિશેષ સ્થાન મેળવ્યું હતું.

---

## રાપર – પાણી – નંદાસર કેનાલ :

રાપર શહેરમાં છેલ્લા ઘણા સમયથી ઊભી થયેલી પીવાના પાણીની ગંભીર સમસ્યા વચ્ચે શહેરના નાગરિકોને રાહત થઇ છે. ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજા દ્વારા જિલ્લા સંકલન બેઠકમાં કરવામાં આવેલી રજૂઆતોના પરિણામે રાધનપુર કેનાલથી નંદાસર કેનાલમાં નર્મદાનું પાણી છોડવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, રાપર શહેરમાં ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે પાણીની ભારે અછત સર્જાઈ હતી. અનેક વિસ્તારોમાં લોકોને પીવાનું પૂરતું પાણી ન મળતાં ભારે હાલાકી ભોગવવી પડી રહી હતી. ત્યારે હવે રાધનપુર કેનાલથી નંદાસર તરફ પાણી છોડાતા આગામી દિવસોમાં રાપર શહેર સુધી પાણી પહોંચાડવાની પ્રક્રિયા વધુ ગતિશીલ બનશે.

---

## કાળા કપાસની ખેતી :

રણ, સંસ્કૃતિ અને હસ્તકલા માટે ઓળખાતું કચ્છ હવે પર્યાવરણમૈત્રી ખેતી અને પરંપરાગત કાપડ કળાના કારણે વિશ્વભરમાં નવી ઓળખ ઉભી કરી રહ્યું છે. કચ્છના કાળાં કપાસે હવે વિદેશી સંશોધકોનું પણ ધ્યાન ખેંચ્યું છે. અમેરિકાથી આવેલી એક યુવા સંશોધકે કચ્છની પરંપરાગત કપાસ ખેતી, કુદરતી રંગકામ અને કારીગરોની જીવનશૈલીથી એટલી પ્રભાવિત થઈને કચ્છને પોતાના અભ્યાસનું કેન્દ્ર બનાવ્યું છે.

અમેરિકાના જ્યોર્જિયા રાજ્યના એટલાન્ટા શહેરથી આવેલી આ સંશોધક જાસ્મિન દક્ષિણ કેલિફોર્નિયા યુનિવર્સિટી સાથે સંકળાયેલી છે. ભારત પ્રવાસ દરમિયાન તેમને ગુજરાતની પરંપરાગત કાપડકળા અને કુદરતી રંગકામ વિશે જાણવાની તક મળી. ત્યારબાદ તેમનો

પ્રવાસ કચ્છ સુધી પહોંચ્યો. કચ્છના કારીગરો દ્વારા ઓછા પાણીમાં અને કુદરતી રીતે થતું રંગકામ, હાથવણાટ અને પરંપરાગત કપાસ ઉત્પાદન જોઈ તેઓ પ્રભાવિત થયા છે.

ઉલ્લેખનીય છે કે, કચ્છના ખેડૂતો દ્વારા કાળા કપાસની ખેતી અને તે માટે થઈ રહેલા વિવિધ પ્રયોગો બાદ સફળતા જોતા આ સરહદી જિલ્લો હવે કાળા કપાસ માટે પણ હબ બની રહ્યું છે.

---

## <u>હવામાન :</u>

હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી સાત દિવસ એટલે કે, 25 મે સુધી રાજ્યમાં હવામાન મુખ્યત્વે સૂકું રહેવાની સંભાવના છે. આગામી 24 કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. પરંતુ, ત્યારબાદ તાપમાનમાં ધીમે-ધીમે 2થી 3 ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રીની આસપાસ નોંધાઈ શકે છે.

---